RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 196 Date: 07.05.2024 Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# આજે ત્રીજા તબક્કાની ૧૧ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૩ બેઠકો પર મતદાન



નવીદિલ્હી,તા.૬

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન આવતીકાલે ૭ મેના રોજ થશે, ત્રીજા તબક્કામાં ૧૧ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૩ બેઠકો પર મતદાન થશે. ગુજરાતની તમામ ૨૬ બેઠકોમાંથી ૨૫ બેઠકો પર ૭ મેના રોજ એક જ તબક્કામાં મતદાન થશે. સુરત બેઠકનાં ઉમેદવાર ચૂંટણી પહેલા જ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.આ સાથે ગુજરાતમાં જ ૫ વિધાનસભાની બેઠક પર પેટા ચૂંટણી પણ થશે. રાજ્યની વાઘોડિયા, વિજાપુર, માણાવદર, પોરબંદર અને ખંભાત બેઠક પર પેટા ચૂંટણી થશે.

ત્રીજા તબક્કામાં આસામ- ૪ બેઠક,બિહાર-૫ બેઠક,છત્તીસગઢ- ૭ બેઠક,દાદરા અને નગર હવેલી-૧ બેઠક,દમણ-દીવ-૧ બેઠક ગોવા- ૨ બેઠક, ગુજરાત- ૨૫ બેઠક,કર્ણાટક- ૧૪ બેઠક મધ્યપ્રદેશ- ૮ બેઠક મહારાષ્ટ્ર- ૧૧ બેઠક ઉત્તરપ્રદેશ- ૧૦ બેઠક, પશ્ચિમ બંગાળ- ૪ બેઠક જમ્મૂ કશ્મીર- ૧ બેઠક પર મતદાન યોજાશે.કંઇ બેઠકો પર મતદાન યોજાશે તેમાં આસામની ધુબરી, કોકરાઝાર, બારપેટા, ગુવાહાટી,બિહારઃ ઝાંઝરપુર, સુપૌલ, અરરિયા, મધેપુરા, ખાગરિયા,છત્તીસગઢઃ સુરગુજા, રાયગઢ, જાંજગીર-ચંપા, કોરબા, બિલાસપુર, દુર્ગ, રાયપુર,દાદરા અને નગર હવેલી/દમણ અને દીવઃ દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ,ગોવાઃ ઉત્તર ગોવા, દક્ષિણ ગોવા,ગુજરાતઃ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, બારડોલી, નવસારી, વલસાડ કર્ણાટકની બાકીની ૧૪ બેઠકોઃ ચિક્કોડી, બેલગામ, બાગલકોટ, બીજાપુર, ગુલબર્ગા, રાયચુર, બિદર, કોપ્પલ, બેલ્લારી, હાવેરી, ધારવાડ, ઉત્તારા કન્નડ, દાવંગેરે, શિમોગા મધ્ય પ્રદેશઃ ભીંડ, ભોપાલ, ગુના, ગ્વાલિયર, મોરેના, રાજગઢ, સાગર, વિદિશા, બેતુલ - મધ્યપ્રદેશના બેતુલ મતવિસ્તારમાં પણ મતદાન થશે, જે બીએસપીના ઉમેદવારના અવસાન બાદ તબક્કા ૨ થી ૩ માં ખસેડવામાં આવ્યું હતું, તે પણ ૭ મેના રોજ યોજાશે. મહારાષ્ટ્રઃ બારામતી, રાયગઢ, ઉસ્માનાબાદ, લાતુર, સોલાપુર,માધા, સાંગલી, સતારા, રત્નાગીરી-સિંધુદુર્ગ, કોલ્હાપુર, હાથકનાંગલે ઉત્તર પ્રદેશઃ સંભલ, હાથરસ, આગ્રા,ફતેહપુર સિકરી, ફિરોઝાબાદ, મૈનપુરી, એટાહ, બુદૌન, આઓનલા, બરેલી પશ્ચિમ બંગાળઃ માલદહા ઉત્તર, માલદહા દક્ષિણ, જંગીપુર, મુર્શિદાબાદ જમ્મુ અને કાશ્મીરઃ અનંતનાગ-રાજૌરી સામેલ છે

મતદાનના ત્રીજા તબક્કામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા, મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહ, એનસીપી (એસપી)ના નેતા અને શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીની પત્ની સુનેત્રા પવાર, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ અને કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી જેવી મંત્રી જેવા દિગ્ગજો ચૂંટણી મેદાનમાં છે.ત્રીજા તબક્કામાં મુખ્ય ઉમેદવારો અને મતવિસ્તારો અમિત શાહઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગાંધી નગર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસે તેમની સામે સોનલ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અમિત શાહે આ સીટ જીતી હતી.,જ્યોતિરાદિત્ય સિંધિયાઃ કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા ગુનાથી ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસે તેમની સામે રાવ યાદવેન્દ્ર સિંહ યાદવને મેદાનમાં ઉતાર્યા છે.,શિવરાજ સિંહ ચૌહાણઃ ભાજપે મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને વિદિશાથી મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે કોંગ્રેસે તેમની સામે પ્રતાપ ભાનુ શર્માને મેદાનમાં ઉતાર્યા છે.,દિગ્વિજય સિંહ : કોંગ્રેસ નેતા અને મધ્ય પ્રદેશના પૂર્વ સીએમ દિગ્વિજય સિંહ રાજગઢથી લોકસભા ચૂંટણી લડી રહ્યા છે, ભાજપે તેમની સામે રોડમલ નગરથી ચૂંટણી લડી છે.,સુપ્રિયા સુલે વિ સુનેત્રા પવારઃએનસીપી એસપીના નેતા અને શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે બારામતીથી તેમની ભાભી સુનેત્રા પવાર સામે ચૂંટણી લડી રહી છે, જેઓ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની પત્ની છે.,ડિમ્પલ યાદવ : સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ મૈનપુરીથી ચૂંટણી લડી રહી છે. ભાજપે જયવીર સિંહને અને બસપાએ શિવ પ્રસાદ યાદવને તેમની સામે મેદાનમાં ઉતાર્યા છે.,પ્રહલાદ જોશી : કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી કર્ણાટકના ધારવાડથી ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસે તેમની સામે વિનોદ આસુતીને મેદાનમાં ઉતાર્યા છે. બદરુદ્દીન અજમલ : ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના પ્રમુખ બદરુદ્દીન અજમલ આસામના ધુબરીથી ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસે તેમની સામે રકીબુલ હુસૈનને મેદાનમાં ઉતાર્યા છે.

તમને જણાવી દઈએ કે ચૂંટણી પંચે દેશમાં સાત તબક્કામાં મતદાન કરાવવાની જાહેરાત કરી છે. બે તબક્કામાં મતદાન થયું છે. ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કાના મતદાનમાં ૬૬.૧૪ ટકા અને ૨૬ એપ્રિલે બીજા તબક્કામાં ૬૬.૭૧ ટકા મતદાન થયું હતું.ચૂંટણી પંચે મતદાન માટે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે અને કેન્દ્રીય દળો મતદાન મથકો પર હાજર રહેશે.

## સૂર્યદિન ઉજવણી અંતર્ગત નિસર્ગ વિમેન સાયન્સ ક્લબના ઉપક્રમે વિસરાતી વાનગીઓ તેમજ સૂર્યકૂકરમાં બનાવેલ વાનગીનું નિદર્શન કાર્યક્રમ યોજાયો




ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વિમેન સાયન્સ ક્લબ બનાવવામાં આવી છે જેમાં ૧૫૦ જેટલી બહેનો જોડાઈ છે આ ક્લબના ઉપક્રમે દર માસે વૈજ્ઞાનિક અભિગમ સાથે કોઈના કોઈ પ્રગતિશીલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ૫ મેના રોજ સૂર્ય દિન ઉજવણી અંતર્ગત આ ક્લબ સાથે જોડાયેલ બહેનો માટે ×વિસરાતી વાનગી અને તંદુરસ્ત ખોરાક ×પર વાનગી હરીફાઈ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ જેટલી બહેનો વાનગી બનાવીને લઈને આવી હતી જેમાં. લાપસી, મકાઈ નું છીણ, દૂધી અને સરગવા નું સૂપ, તીખો અને મીઠો ખિચડો જેવી અનેક વાનગીઓ રજુ કરવામાં આવી હતી. આ તમામ વાનગીઓનું જાણીતા કુકિંગ એક્સપર્ટ પરમજીત કોર ધ્વારા બારીકાઈ થી મૂલ્યાંકન કરવામાં આવ્યું . હતું જેમાં પ્રથમ ક્રમાંકે હર્ષાબા ગોહિલ જેઓએ રાગીના લાડુ ની રીસીપી બનાવી હતી,બીજા ક્રમાંકે માધવી મોદી જેઓએ સાત ધાનનો ખીચડો બનાવ્યો હતો અને ત્રીજા ક્રમે હેમાંગીની ટેલર જેઓએ મેથીનો ભૂકો બનાવ્યો હતું.તેમજ આશ્વાશન ઈનામ નયના એચ.મકવાણા અને નેહા બી પટેલ ને આપવામાં આવ્યા હતા.સૂર્ય દિન અંતર્ગત સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર અનિલભાઈ પટેલ "સૂર્ય ઉર્જા નો વ્યવહારમાં ઉપયોગ× વિશે વ્યાખ્યાન અને ઉર્જા ક્વિઝ રમાડવામાં આવી હતી.જેમાં સાચો જવાબ આપનારને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાયન્સ ક્લબના કન્વીનર મીતા ભટ્ટ અને સહ કન્વીનર દીપિકાબેન વાઘેલા ધ્વારા સૂર્યકૂકરમાં તૈયાર કરેલ રસોઈ ની સ્વાદિષ્ટ ભેળ બનાવીને કાર્યક્રમમાં જોડાયેલ તમામ બહેનોને આપી હતી. વિજેતા સ્પર્ધકોને ઈનામ તેમજ તમામ સ્પર્ધકો ને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં ૭૦ જેટલી બહેનો ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સાયન્સ સેન્ટરના સંયોજક શિવાંગ પટેલ,હાર્દિક ભટ્ટ અને હાર્દિક મકવાણા જહેમત ઉઠાવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન મીતા ભટ્ટ અને દીપિકા વાઘેલા ધ્વારા કરવામાં આવ્યું હતું.

## સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ભારતીય મહિલાની પંચાયતી રાજમાં ભૂમિકાનો અવાજ ગુંજાયો





ગાંધીનગર તા. ૫ મે ૨૦૨૪ : તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘની આંતર રાષ્ટ્રીય સ્તરે યોજાયેલ વિવિધ વિષયની મહિલા સમિટમાં વુમન ઈન લોકલ ગર્વમેન્ટ ઈન ઈન્ડીયા લીડ ઘ વે વિષય સાથે ભારતમાંથી ત્રણ વિચક્ષણ પંચાયતી રાજની મહિલા પ્રતિનિધિ શ્રીમતિ નીરૂ યાદવ (રાજસ્થાન), શ્રીમતિ સુપ્રિયા દાસગુપ્તા તેમજ શ્રીમતિ કનુક હેમકુમારી (આંધપ્રદેશ) એમ ત્રણ મહિલાઓ એ ભારત દેશનું પ્રતિનિધિત્વ કરેલ હતું. ભારતના ગ્રામીણ વિકાસમાં પંચાયતીરાજના માધ્યમથી મહિલાઓની જનભાગીદારી અને સર્વાંગી વિકાસ સબંધે દાખલા દલીલ અને અનુભવ સહીતનાં વિષયો પર છણાવટ કરી ભારતીય પંચાયતીરાજની મહિલા પ્રતિનિધિઓએ ભારતના પંચાયતીરાજનો વૈશ્વીક કક્ષાએ ડંકો વગાડેલ.ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નિર્દેશ અને સુશાસનથી સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા પથમ વખત આ કાર્યક્રમનું આયોજન કરાયેલ હતું.

પંચાયતીરાજની વિવિધ રાજયની વિરાંગનીએ દેશના પંચાયતીરાજનો વૈશ્વીક સ્તરે ડંકો વગાડતા ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના પ્રમુખ પરેશ દેસાઈ(નવસારી) અને માનદ્ મંત્રી ભરત ગાજીપરાએ આ મહિલા પ્રતિનિધિઓને અભિનંદન આપેલ છે તેમજ વ્યુહાત્મક ગોઠવણ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પંચાયતીરાજના મહિલા પ્રતિનિધિને પ્રેરીત અને પ્રોત્સાહિત કરનાર માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કરેલ.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના ભારતના સ્થાયી મહિલા પ્રતિનિધિ રૂચિરા કાબોજ એ ભારતના પંચાયતીરાજ ઉપર પ્રકાશ પાડેલ તેમજ સચિવ પંચાયતીરાજના શ્રી વિવેક ભારદ્રાજ દ્રારા ભારતની પંચાયતીરાજમાં મહિલા સશક્તિકરણ દ્રારા વિકાસમાં મહત્વની ભૂમિકા મહિલાઓ બજાવી રહેલ છે તેનો અહેવાલ આપેલ હતો તેમ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના માનદ્ મંત્રી શ્રી ભરત ગાજીપરાની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ભાજપા નાં સાંસદ અને આણંદ લોકસભા નાં ઉમેદવાર મિતેષ પટેલ દ્વારા આચરવામાં આવેલ ૫૦ કરોડ નાં ભ્રષ્ટાચાર ની તપાસ કરવામાં આવે - ડો અમિત નાયક

એક અખબારી યાદી માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ નાં પ્રવક્તા ડૉ અમિત નાયક દ્વારા જણાવવામાં આવેલ કે અમદાવાદ મુંબઇ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ એ કેન્દ્ સરકાર અને રાજ્ય સરકાર નો સંયુક્ત મહત્વકાંક્ષી પ્રોજેક્ટ છે જે ૨૦૧૩ થી અમલ માં આવેલ અને આ પ્રોજેક્ટ હેઠળ આવતાં ગ્રામ્ય કે શહેરી વિસ્તાર માં આવેલ ખેતી કે બિનખેતી જમીન, મકાન કે ફેક્ટરીઓ નો યોગ્ય સર્વે કરી, દસ્તાવેજ ની ચકાસણી કરી અસર કરતાં ને વળતર ચૂકવવાની જોગવાઈ છે. ઉપરોકત પ્રોજેક્ટ માં કેન્દ્ અને રાજ્ય સરકાર નાં અધિકારીઓ જોડે સાંઠગાંઠ કરી પોતાના પદ નો દુરુપયોગ કરી જે તે સમયે આણંદ લોકસભા નાં ભાજપા નાં ઉમેદવાર અને તત્કાલ સમય નાં સાંસદ મિતેષ પટેલ દ્વાર પોતાની ઉભી કરેલી કંપની દિવ્યકિરણ એગ્રો પ્રોસેસિંગ પ્રાઈવેટ લિમિટેડ કંપની કે જેમાં તેઓ ખુદ ડિરેક્ટર તરીકે સીધાં લાભાર્થી છે અને ખોટાં દસ્તાવેજ અને સર્વે રીપોર્ટ ઉભા કરી સરકાર નાં ૫૦ કરોડ થી વધારે ની રકમ ની કટકી ખાઈ આણંદ અને ગુજરાત ની જનતા સાથે વિશ્વાસઘાત કરેલ છે અને ભાજપા નાં ×ખાતો નથી અને ખાવા દેતો નથી× નાં ખોટાં સૂત્રો સાથે તાલમેલ થતાં નથી. જો ખરેખર મોદી સરકાર ભ્રષ્ટાચાર નાં મામલે ગંભીર હોત તો ઉપરોકત મામલે કૉંગ્રેસ પક્ષ નાં નેતા દ્વારા અગાઉ પણ તપાસ ની માંગણી કરી હતી તેની નિષ્પક્ષ તપાસ કરી ને આણંદ ની જનતા સમક્ષ રિપોર્ટ કાર્ડ મૂકી શકતાં પણ ક્યાંક ને ક્યાંક ભાજપા નાં નેતાઓ નાં ભ્રષ્ટાચાર નાં રૂપિયા થી જિલ્લા અને શહેરી વિસ્તારો માં માત્ર કમલમ કાર્યાલયો નો વિકાસ જ તેમનાં ભ્રષ્ટાચાર ની ચાડી ખાઈ છે.

## *આજનો વિચાર*

જીવનની "સુગંધ" એ જ માણી શકે જેમની પાસે ખીલવા અને ખરવા ની સમજણ હોય
યાદ રહે, જીભ સંબધો નાં દરવાજા ખોલે છે અને
જીદ્દ સમજણના દરવાજા પર તાળું લગાવી દે છે.

- MANNISH *( MINTOO )*

### તંત્રી લેખ......

# લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ચોથા તબક્કાના ૩૬૦ ઉમેદવારો પર ફોજદારી કેસ

લોકસભા ચૂંટણી (લોકસભા ચૂંટણી ૨૦૨૪)ના ચોથા તબક્કા માટે ૧૩ મેના રોજ મતદાન થશે. આ તબક્કામાં ૧૦ રાજ્યોની ૯૬ બેઠકો પર મતદાન થશે. આ તબક્કામાં ૧૭૧૦થી વધુ ઉમેદવારો મેદાનમાં છે. તેમાંથી ૩૬૦ ઉમેદવારોએ તેમની સામે ફોજદારી કેસો વિશે માહિતી આપી છે, જે ચૂંટણી સુધારણા માટે કામ કરતી બિન-સરકારી સંસ્થા છે, તે સમયે ઉમેદવારોએ આપેલા સોગંદનામાના આધારે આ આંકડા જાહેર કર્યા છે.

ચોથા તબક્કામાં તેલંગાણા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી યોજાશે, આ રાઉન્ડમાં કુલ ૧૭૧૦ ઉમેદવારોમાંથી ૧૫૪૦ પુરુષ અને ૧૭૦ છે મહિલા ઉમેદવારો છે એડીઆર અનુસાર, ચોથા તબક્કાના ૨૭૪ ઉમેદવારોએ જણાવ્યું છે કે તેમની સામે ગંભીર ગુનાહિત કેસ નોંધાયા છે. આ ઉપરાંત, આંધ્રપ્રદેશના ૬૯, મહારાષ્ટ્રના ૫૩ અને ઉત્તર પ્રદેશના ૩૦ ઉમેદવારો સામે ગંભીર ગુનાહિત કેસ નોંધાયા છે, જેમાંથી ચાર આંધ્રપ્રદેશના છે , બે મહારાષ્ટ્રના અને એક તેલંગાણાના છે. સંગઠનનું કહેવું છે કે આ તબક્કામાં ૯૬ સંસદીય મતવિસ્તારોમાંથી ૫૮ ટકા સંવેદનશીલ છે. આ વિસ્તારોમાં ત્રણ કે તેથી વધુ ઉમેદવારોએ તેમની સામે ફોજદારી કેસ નોંધાયા હોવાની માહિતી આપી છે.

એડીઆરના રિપોર્ટ અનુસાર ચોથા તબક્કાના ૧૭ ઉમેદવારોને દોષિત ઠેરવવામાં આવ્યા છે. ૧૧ ઉમેદવારો સામે હત્યાના કેસ નોંધાયા છે અને ૩૦ ઉમેદવારો સામે હત્યાના પ્રયાસના કેસ નોંધાયેલા છે. અને ૫૦ ઉમેદવારો સામે મહિલાઓ વિરૂદ્ધ ગુનાના કેસ નોંધાયેલા છે. આ સિવાય પાંચ ઉમેદવારો સામે બળાત્કારના કેસ નોંધાયેલા છે.

# વાસ્તવમાં વડાપ્રધાન ધાર્મિક હોય તો હાડમારી સહન કરતાં નાગરિકોની ચિંતા ન હોય?




લોકસભાની ચૂંટણીનું મતદાન ૭ મે ૨૦૨૪ના રોજ થવાનું છે, તેના બે દિવસ પહેલા ૫ મે ૨૦૨૪ના રોજ ગુજરાત સમાચાર અખબારમાં પ્રથમ પેજ પર સત્તાપક્ષની જાહેરખબર જૂઓ. વડાપ્રધાન હાથ જોડીને કહી રહ્યા છે : "તમારા મતથી અયોધ્યામાં શ્રીરામના ભવ્ય મંદિરનું નિર્માણ થયું. આ વખતે તમારા મતથી કાશી કોરીડોરની જેમ અન્ય ધાર્મિક સ્થળોનો વિકાસ કરીશું. આ છે મોદીની ગેરંટી. ફરી એક વાર મોદી સરકાર."

સવાલ એ છે કે ધર્મસ્થળોનો જ વિકાસ કરવો હોય તો વડાપ્રધાન બનવાની જરુર ખરી? એ માટે ધર્મક્ષેત્રમાં ૧૦૦% સમર્પિત થઈને વિકાસ ન કરી શકાય? ધર્મસ્થળોના વિકાસની આડમાં, બહુમતી હિન્દુઓને ધર્મનું ગાજર દેખાડી અદાણી-અંબાણીના વિકાસનું કાવતરું તો નથીને? બહુમતી હિન્દુઓને ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન શું ફાયદો થયો? અસહ્ય મોંઘવારી/ બેરોજગારી/ સામાજિક અસુરક્ષા/ મોંઘા શિક્ષણ/ તંત્રની બિનસંવેદનશીલતાની જ ભેટ મળીને? રુપિયાનું ઐતિહાસિક અવમૂલ્યન સહન કરવું પડ્યુંને? સઘળા વચનો નષ્ટ થતાં જોવા મળ્યાંને? શું અગાઉની સરકારોએ ધર્મસ્થળોને નષ્ટ કરી દીધાં હતાં? માની લઈએ કે વડાપ્રધાનને ધર્મસ્થળોના વિકાસમાં રસ-રુચિ છે; પરંતુ તેમના વ્યવહારમાં ધર્મ કેમ જોવા મળતો નથી? ચૂંટણીપંચ, ચૂંટણીની તારીખ જાહેર કરે પછી ચૂંટાયેલા મુખ્યમંત્રીને જેલમાં પૂરવામાં ક્યો ધર્મ છે? શારદા ચિટફંડના ડાયરેક્ટર સુદીપ્ત સેન પાસેથી દર મહિને ૨૦ લાખની લાંચ લેનાર ઝ્રમ્ૈંના આરોપી હિમંત બિસ્વા સરમાને સત્તાપક્ષે મુખ્યંત્રી બનાવ્યા; આદર્શ સોસાયટી કૌભાંડમાં સંડોવાયેલ નારાયણ રાણેને કેન્દ્રીય મિનિસ્ટર બનાવ્યા; સત્તાપક્ષે જ અજિત પવાર ઉપર ૭૦,૦૦૦ કરોડના સિંચાઈ કૌભાંડનો આરોપ મૂકેલ તેમને નાયબ મુખ્યમંત્રી બનાવ્યા; આ કેવી નીતિ કે જયાં ગંદા/ મહાભ્રષ્ટાચારી નેતાઓ સામેના ઝ્રમ્ૈં/ઈઙ્ઘના કેસો કેસો સંકેલી લઈ મિનિસ્ટર બનાવાય છે? દેશને ગૌરવ અપાવનાર મહિલા પહેલવાનોનું યૌન શોષણ કરનાર બ્રિજભૂષણસિંહને છાવરવામાં અને તેમના પુત્રને લોકસભાની ટિકિટ આપી પરિવારવાદને પ્રોત્સાહન આપવામાં ક્યો ધર્મ છે? મહિલાઓની બદનક્ષી કરનાર પરશોત્તમ રુપાલાને છાવરવામાં ક્યો ધર્મ છે? જેમના ત્રાસને કારણે વેરાવળના ડો. અતુલ ચગને આત્મહત્યા કરવી પડી તે રાજેશ ચુડાસમાને જૂનાગઢ બેઠકની ટિકિટ આપવામાં ક્યો ધર્મ છે? ઈલેક્ટોરલ બોન્ડ/ સ્ઁઝ્રટ્ઠિીજ ફંડને ગુપ્ત રાખવામાં ક્યો ધર્મ છે? ધૃણા ફેલાવનારને/ ક્રિમિનલને/ તડિપારને મિનિસ્ટર બનાવવામાં ક્યો ધર્મ છે? હત્યારા ગોડસેનું મહિમામંડન કરવામાં અને હત્યારા-બળાત્કારીઓનું ફૂલહારથી સ્વાગત કરવામાં ક્યો ધર્મ છે? વ્યવહાર-વર્તનમાં ધર્મનું જરા પણ સ્થાન ન હોય તે ધર્મસ્થળોના વિકાસની વાત કરે ત્યારે ચેતવાની જરુર નથી? મંદિર મંદિર જઈને પૂજાપાઠ કરવા, ગંગામાં સ્નાન કરવું, કપાળે લાંબા-મોટા તિલક કરવાથી ધર્મનું રક્ષણ થાય કે વ્યવહારમાં ધર્મનો અમલ કરવાથી? ગાય-માંસનો વેપાર કરતી કંપની પાસેથી રુપિયા ૨૫૦ કરોડ ચૂંટણી ફંડ લે તેને ધર્મ સાથે સંબંધ હોય? વાસ્તવમાં વડાપ્રધાન ધાર્મિક હોય તો હાડમારી સહન કરતાં નાગરિકોની ચિંતા ન હોય? 'મતના કારણે' ભવ્ય રામમંદિર બન્યું છે કે સુપ્રિમકોર્ટના ચૂકાદાથી? રામમંદિર વડાપ્રધાને બનાવ્યું છે કે લોકોના દાનથી બન્યું છે? ભારતના ગામડે ગામડે રામમંદિરમાં દલિતોને પ્રવેશ મળે તો જ અયોધ્યાનું ભવ્ય રામમંદિર શોભે !જેના શાસનમાં ચૂટણીપંચ પણ પોતાનો ધર્મ નિભાવતું નથી, એ શાસક ગેરંટી આપે ત્યારે આશ્ચર્ય થાય છે ! 'તમારી બે ભેંસમાંથી એક ભેંસ લઈ જશે, એવું કોંગ્રેસના મેનિફેસ્ટોમાં લખ્યું છે !' આવું મહાજૂઠ વડાપ્રધાન બોલી શકે છે, એમની ગેરંટી પર વિશ્વાસ મૂકી શકાય? શું ધર્મના નામે વોટ માંગવા/ ધર્મના નામે નફરત-ધૃણા ફેલાવવી તે આદર્શ આચાર સંહિતાનો ભંગ નથી? વડાપ્રધાનનો ભવ્ય વિજય નક્કી છે, કેમકે ચૂંટણીપંચને પણ વડાપ્રધાનનો ધાર્મિક ઢોંગ બહુ ગમે છે !(જન વિચાર)

# મેઘાલયમાં સગીરાને હવસનો શિકાર બનાવવાનો પ્રયાસ કરનારા બે યુવકો ટોળાનો ભોગ બનતાં મોત

નવીદિલ્હી,તા.૬

મેઘાલયના પૂર્વી પશ્ચિમી ખાસી હિલ્સ જિલ્લામાં એક સગીરા પર બળાત્કારનો પ્રયત્ન કરવાના આરોપમાં એક ટોળાએ બે લોકોને માર મારીને મારી નાંખ્યા હતા. પોલીસે કહ્યું કે, આ ઘટના શુક્રવારે બપોરે જિલ્લા મુખ્યાલય મૈરાંગના નોંગથ્લિવ ગામની છે. સગીરાનો આરોપ છે કે તે ઘરમાં એકલી હતી ત્યારે બે લોકોએ તેના પર ચાકુથી હુમલો કર્યો હતો અને તેના પર બળાત્કારનો પ્રયત્ન કર્યો હતો.

પોલીસે જણાવ્યું કે, પૂર્વી-પશ્ચિમી ખાસી હિલ્સ જિલ્લાના મુખ્યાલય મૈરાંગના નોંગથ્લિવ ગામમાં શુક્રવારે બપોરે સગીરા તેના ઘરમાં એકલી હતી ત્યારે બે પુરુષોએ ચાકુથી તેના પર હુમલો કર્યો હતો અને તેના પર બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

જોકે, સગીરાએ બૂમો પાડતા આજુબાજુમાંથી પડોશીઓ ત્યાં આવી ગયા હતા અને તેમણે બંને પુરુષોને પકડી લીધા હતા. બંનેને ઝડપી લીધા પછી તેમને નજીકના સામુદાયિક હોલમાં લઈ જવાયા હતા, જ્યાં બંને સાથે મારપીટ કરાઈ હતી. આ ઘટનાને પગલે લગભગ ૧૫૦૦ લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું.

પોલીસને ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી, પરંતુ ટોળાએ બંને પુરુષોને પોલીસને સોંપવાનો ઈક્કાર કરી દીધો હતો. પોલીસ બંને પુરુષોને ટોળાના મારથી બચાવી શકી નહોતી.

પોલીસ અધિકારીએ કહ્યું કે હોલમાંથી ભીડ જતી રહ્યા પછી બંને પુરુષોને અલગ અલગ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના મોત નીપજ્યાં હતાં.

એક પુરુષને તિરોટ સિંગ મેમોરિય સિવિલ હોસ્પિટલ અને બીજાને શિલાંગ સિવિલ હોસ્પિટલ મોકલાયો હતો. આ ઘટનામાં કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ કરવામાં આવી રહી છે. બંને મૃતક રાજયના અન્ય ભાગના રહેવાસી હતા. તેઓ નોંગથ્લિવમાં મજૂર તરીકે કામ કરતા હતા.

દરમિયાન છત્તીસગઢના રાયપુર જિલ્લાના આરંગ પોલીસ સ્ટેશન હેઠળ આવતા કલાઈ ગામમાં પણ એક સગીરા પર બળાત્કારનો કેસ સામે આવ્યો છે. જણાવાઈ રહ્યું છે કે આરોપી છ મહિનાથી લગ્નના ખોટા વચનો આપીને પીડિતાનું શોષણ કરી રહ્યો હતો. આ કેસમાં યુવકની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. પીડિતાએ શુક્રવારે પોલીસ સ્ટેશન આવીને લેખીત અરજી આપી ફરિયાદ નોંધાવી હતી તેમ પોલીસે જણાવ્યું હતું.

# ચિટિંગથી બચવાની ટીપ આપતી વખતે કોઈ ચિટર અમારું ગજવું કાપી ગયો!!

આજનો લેખ ભણેલા ગણેલા ડોબા-ડફોળો- ભાન વગરના માટે છે. જે તેની ગફલત, હરકત, વ્યવહારના કારણે ધૂતારોનો ભોગ બને છે. માણસે સતર્ક રહેવું જોઈએ . ગાલાવેલા કે ઘેલા કે પ્રગલ્લભ થઈને સંપતિ ગુમાવે છે.

કોઈ પણ દિવસનું અખબાર ખોલો કે આવા બકરાના સમાચાર મળે.કેટલાક નમૂના જોવા જેવા છે.

કેસ એક

એક વેંતા વગરનો માણસ . આંગડિયાની પેઢીમાં નોકરી કરે. બધા પાસેથી કુરિયરના સામાન,રોકડ, ઘરેણા વગેરે પાર્સલનો થેલો ભેગો છે. રસ્તામાં ચાની કીટલી જુએ એટલે ચાની તલબ લાગે. ડોબો ચાની કીટલી પાસે વાહન પાર્ક કરી ચા પીવા ઉભો રહે. ચા પી લે પછી વાહન પાસે જાય તો કારનો કાચ તોડી કોઈ પાર્સલ ભરેલો થેલો ઉઠાવી જાય. પેલાનો શ્વાસ અધ્ધર થઈ જાય. બોલો, ચા કેટલામાં પડી ?

કેસ બે

એક નિવૃત શિક્ષક. પૈસાની જરૂર પડી. બેઠકમાં ગયો. પાસબુક અને પૈસા ઉપાડવાની ચિઠી ભરી બેંકના કાઉન્ટર પર આપી. તેનો વારો આવ્યો. કાઉન્ટર પરથી પૈસા લઈ થેલીમાં મુક્યા . સાઈકલ સ્ટેન્ડ પરથી ઉતારી પેડલ પર પગ મુકી સાઈકલ પર ચડ્યો. પાનના ગલ્લે જઈને મસાલો લેવા સાઈકલ પરથી ઉતર્યો. સાઈકલ સ્ટેન્ડ કરી.કોઈ ગઠિયો થેલી ખોલીને રૂપિયા લઈ છૂમંતર થઈ ગયો. રકમ કેટલી ! દસ હજાર . આટલી રકમ પર્સમાં મુકી પેન્ટના પાછલા ખિસ્સામાં રાખી શકાય!!

કેસ ત્રણ

એક ભાઈ મર્સિડીઝમાં જઈ રહ્યા છે.તેની કાર આગળ દસ દસ રૂપિયાની નોટ રસ્તા પર ફેંકી કોઈ ચિટર તેની કારનો દરવાજો નોક કરે છે. પેલી વ્યકિત કારનો કાચ ખોલે છે. ચિટર કહે છે કે તમારા પૈસા પડી ગયા છે. કારના બધા દરવાજા લોક કરેલ હોય તો તેના પૈસા કેવી રીતે પડી જાય કે કેમ તેટલું પણ વિચાર કર્યા વિના રસ્તા પર પડેલ પૈસા ઉઠાવવા કારમાંથી બહાર ઉતરે છે! પેલો ચિટર લેપટોપ, મોબાઈલ, રોકડ લઈને રફૂચકકર થઈ જાય છે!!

આ પ્રકારના અકકલમઠાને સેન્સિટાઈઝ કરવા જરૂરી છે. એટલે મનઘડંત ( મનમાં ઘડેલી એટલે મનઘડંત!) ટીપ માથા પર મારૂં છું. આપણે પેલી કાવ્યપંકતિ સાંભળી હશે. "નિશાળેથી સીધું જવું પાંસરા ઘર" . આમાં ઘરેથી સીધું જવું પાંસરા નિશાળનો કંઈ ઉલ્લેખ નથી. તમને ખબર હશે કે ઘોડાગાડીનો ઘોડો આડુંઅવળા ડાફોળિયા ન મારે તે માટે ડાબલા પહેરાવામાં આવે છે!! આમાંથી એ બોધ મળે છે કે જે કામ માટે નીકળ્યા છો તે પૂરૂષ કરવા પર ફોકસ કરો.

-અર્જુનની જેમ પક્ષીની આંખ પર લક્ષ્ય કેન્દ્રિત કરો.

- તમને મસાલા ખાવાની ટેવ હોય તો જરૂરિયાત જેટલા મસાલા પહેલેથી તમારી સાથે રાખો અને પાનના ગલે દઈ મસાલો લેવાનું નિવારો.

-ચા પીવાની ટેવ હોય તો ચાનું આખું થર્મોસ કાર કે રીક્ષામાં રાખો. ભૂલેચુકે ચાની કીટલીએ જવાનું નિવારો.

- બેઠકમાંથી રકમ ઉપાડી પૈસા સ્કૂટરની ડેકીમાં ન મુકવી. જો ડેકીમાં પૈસા મુકો તો પાણી પેશાબ માટે પણ ક્યાંય સ્કૂટર ઉભું રાખવું નહીં.!જરૂર પડે કેથેટર સાથે રાખવું.

- કપડાં પર કે કાર પર કોઈ વિષ્ટા ફેંકી તમને લૂંટવા માંગતા હોય તો થોડી દુર્ગંધ સહન કરો પણ વાહન સ્ટેન્ડ ન કરો. કપડા ચપટી વોશિંગ પાવડરથી ધોવાઈ જશે, કાર વોશ થઈ જશે સાથોસાથ તમારા પૈસા બતી જશે.

-કોઈ તમારું વાહન મારા વાહન સાથે અથડાયું છે. વળતર આપો એમ માંગણી કહી ઝઘડો કરી વાહનમાંથી ઉતરવા કહે તો વાહન લોક કરી વાહનમાંથી ઉતરો. પછી સ્પષ્ટ કહો કે પોલીસ કેસ કર, કેસમાં જે ફેંસલો આવશે તેને માનીશ. સમાધાન કરવું નથી. નુકસાન અંગે વીમા કંપનીમાં કલેઈમ કર.!! વાહન લોક કરવાના લીધે ચોરીથી બચી જશો!!

-જરૂર પડયે સોનાના દાગીના સોની પાસે સાફ કરાવો . શેરીમાં આવતા લલ્લુંપંજુ પાસે કૂકરમાં દાગીના સાફ કરવાના તરકટમાં ફસાશો નહીં

- મારા જેવા અડબંગની ટીપ કામ ન કરે તો ભોગ તમારા!! અમને દોષ દેશો નહીં!!

લ્યો કરલો બાત! તમને ચિટિંગથી સાવધાન રહેવા ટીપ આપતો હતો તે દરમિયાન કોઈ ચિટર અમારું ખિસ્સુ કાપી ગયો!!!

ભરત વૈષ્ણવ

# શરમ : લોકશાહીમાં લટકતી તલવાર ચોથો સ્તંભ લાચાર ?

આઝાદીના લડવૈયાઓ ભૂગર્ભમાં રહી હાથે લખેલી પત્રિકાઓ વહેંચી અંગ્રેજ સરકારના જુલમો સામે જનજાગૃતિ માટે ઝઝુમ્યાં અને હિન્દુસ્તાનને આઝાદી અપાવી એ એક પત્રકારિતા હતી. "કલમની તાકાત "જે પત્ર લખે એ પત્રકાર. આજે એનાં પત્રકાર અને પત્રકારત્વના રૂપ રંગ આકાર માધ્યમ બદલાઈ ગયાં છે . ખોજી પત્રકાર એક પોલીસ ઓફિસર કે સીઆઈડી સીબીઆઈ ઑફિસરથી વિશેષ જોખમ ઉઠાવે છે. એમને કોઈ સરકારી સુવિધા કે સુરક્ષા કે વળતર અને જ્યાં ફરજ બજાવે એ સંસ્થામાં સન્માનજનક વેતન પણ મળતાં નથી. મોટા ભાગે માનદ સેવા આપતાં હોય એવી ઓળખ મળે છે. અમોને શિક્ષક અને સામાજિક કાર્યકર તરીકેના અનુભવ અવલોકનથી હાથમાં કલમ લઈ વિચારો કાગળ ઉપર આલેખવાની આદત એક આનંદ શોખ છે. એટલે જે પત્રકાર છે એમની સાથે વિશેષ આદર આત્મીયતા છે. થોડાં સમય પહેલાં મારાં એક વકીલ મિત્ર જે ચૂંટણીમાં ઉમેદવારના ફોર્મ ભરી આપવાનું કામ કરે છે એમની સાથે ફાઈવ સ્ટાર હોટલમાં જવાનું થયું. ત્યાં મારાં ઘણાં જુના મિત્રો મળ્યાં. સુરતની રાવસેના, શિક્ષકોનાં આંદોલન,અન્ના આંદોલન, કિસાન આંદોલન, સ્કુલ ફી વધારા સામે આંદોલન, તક્ષશિલા અગ્નિકાન્ડ આંદોલનના સમયે જે પત્રકાર મિત્રોએ અમારા આંદોલનને ખુબ અવાજ બક્ષ્યો એમને મળ્યાં ભુતકાળ વાગોળ્યા. એમની વાત ઉપરથી જાણવા મળ્યું કે હવે પત્રકાર સમાજમાં બે ત્રણ જુથ પડી ગયાં છે. અને આજે સોશ્યલ મિડિયામાં જાણ્યું કે માહિતી વિભાગ કે કલેક્ટરાલયના અધિકારીઓ સરકારી પ્રેસ કોન્ફરન્સમાં કે ચુંટણી બુથ ચુંટણી પ્રકિયામાં અમુક તમુક ઈ મીડિયા કે પ્રિન્ટ મિડિયા સાથે ભેદભાવ રાખે છે. મને હોટલમાં મળેલા નેતા ના શબ્દો ઈશારાનાં પડઘાં સંભળાવા લાગ્યા. નેતાઓને સૌથી વધુ બીક ડર પત્રકારોની લાગે છે. અને મારો એવો અંદાજ છે કે આ નેતાઓના ઈશારે અધિકારીઓ પત્રકારો વચ્ચે ભેદભાવ રાખતા હશે. આ મોબાઈલ યુગમાં યુટ્યુબર, વિકલી ન્યુઝ પેપર, યુટ્યુબ ચેનલ, ડેઈલી ન્યુઝ પેપર, રાષ્ટ્રીય ચેનલ, પ્રાદેશિક ચેનલ, કોઈ શહેરમાં માત્ર દેખાતી ન્યુઝ ચેનલ અને આ સૌ માધ્યમના રિપોર્ટર, પત્રકાર કે મીડિયા પ્રતિનિધિ. સરકાર,અધિકારીઓ કે નેતાઓ આ મિડિયા માધ્યમથી ડરે છે. આપણે જોયું અને જાણ્યું છે કે ઘણાં પત્રકાર જેલમાં સબડે છે. ઘણાંની જાહેરમાં હત્યાં પણ થઈ છે. અને ઘણાં પત્રકારની રોજી રોટી નોકરી નેતાઓના ઈશારે છીનવાઈ ગઈ છે. અમોએ એવું પણ સાંભળ્યું છે કે અમુક લોકો માત્ર પ્રેસ પ્રતિનિધિકાર્ડ વેચવા અખબારો ચલાવે છે. આજે પત્રકારો અને સંપાદકો, પ્રકાશકોના અનેક જુદાં જુદાં સંગઠનો, મંડળો છે. જુદાં જુદાં પક્ષના મિડિયાસેલ છે એમાં કથિત પત્રકારો નોકરી કરે છે. પત્રકાર જયારે કોઈ સંસ્થા પક્ષ પાર્ટીના નોકર કે ચારણ બને ત્યારે સીધી એ પત્રકાર માથે અંતે પત્રકાર સમાજના માથે તલવાર લટકે છે. આંહી પત્રકાર નહીં આપણા દેશ લોકતંત્ર લોકશાહીના માથે, રાષ્ટ્રના ચારેય સ્થંભ માથે જોખમ તલવાર લટકે છે . સમજી લો, સમજી લેજો જે દિવસે પત્રકારની આઝાદી, રોજી રોટી, જિંદગી કે અવાજ છીનવાશે, પ્રતિબંધ લદાશે,ભારતની આઝાદી ક્ષીણ ક્ષીણ થાશે.ooooo

★દિપક પટેલ શિક્ષક, **Rti Act Refrom Movement India.** જનતા દરબાર સંયોજક. ૯૯૦૪૦૧૨૧૬૯.

# ગુજરાતમાં ભાજપ સરકાર જનતાનો અવાજ સાંભળતી નથી, ભગવાન રામ નું નામ લેવા સાથે એમના સિદ્ધાંતોને પણ અનુસરવું જરૂરી છે.

સર્વ સમાજને ન્યાય મળે તેવી પ્રાર્થના સાથે અમદાવાદના શાહપુરના ૨૦૦ વર્ષ જુના રામજી મંદિરમાં દર્શન કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ભગવાન પર ભાજપનો ઈજારો હોય એમ વર્તે એ વ્યાજબી નહીં. વિવિધતામાં એકતા આ દેશમાં ધર્મના સિદ્ધાંતોના કારણે આવી છે. મારા દર્શન કરવાથી ભાજપને તકલીફ પણ પડી શકે. ઈન્દિરા ગાંધીનો જ્યારે પરાજય થયો ત્યારે તેમણે અંબાજી મંદિરમાં દર્શન કરી પુનઃ શરૂઆત કરી હતી. રામજી મંદિર માટે ટ્રસ્ટે સરકાર પાસે મદદ માંગી હતી પરંતુ ના કરી. આવતીકાલે મતદાન છે ત્યારે આજે રામજીના દર્શન કર્યા. ભગવાન રામ વેશ પલટો કરી લોકો વચ્ચે જતા હતા. આજે તો મારા ગુજરાતમાં ભાજપ સરકાર જનતાનો અવાજ સાંભળતી નથી, ભગવાન રામ નું નામ લેવા સાથે એમના સિદ્ધાંતોને પણ અનુસરવું જરૂરી છે. મારા વ્હાલા ગુજરાતીઓએ આ ચૂંટણીમાં કોંગ્રેસને અપાર પ્રેમ આપ્યો. અમે આર્થિક રીતે પાછા પડ્યા તો લોકોએ મદદ કરી, ગુજરાતીઓએ પ્રેમથી કોંગ્રેસના ઉમેદવારોને આવકાર્યા છે. સહકાર આપ્યા બાદ આવતીકાલે ગુજરાતીઓ મત પણ આપશે. હું ગુજરાતીઓનો આભાર વ્યક્ત કરવા સાથે મતની પણ અપીલ કરું છું. ભાજપ સરકાર આંદોલનકારીઓ સાથે સંવાદ ના બદલે ડરાવવાનું કામ કરે છે. પાટીદાર, માલધારી, આદિવાસીઓ સાથે સંવાદ ના કરી સરકારે સંઘર્ષ કર્યો. ક્ષત્રિયોના આંદોલનમાં પણ સરકારે અહંકાર દર્શાવ્યો. આ જ વ્યક્તિએ અગાઉ લેઉવા પાટીદાર સમાજ માટે પણ આણછાજતાં શબ્દો બોલ્યા હતા. મારા વડાપ્રધાન દેશની બહેનોની અસ્મિતા અંગે કંઈ જ ના બોલ્યા એનું દુઃખ છે. જનતા જનાર્દન પોતાના ત્રાજવામાં બાબતને મૂલવશે એવો મને વિશ્વાસ છે.

સુરતના નિલેશ કુંભાણીનુ ફોર્મ રદ થયા બાદ કાયદાકીય લડત લડવા અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલને પુછાયેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, આ લડાઈ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી જવાની છે. જે મેટર કોર્ટમાં દાખલ થઈ છે કે થવાની છે તેના વિશે ટીપ્પણી યોગ્ય નથી. પ્રદેશ પ્રમુખ તરીકે આ કેસ વિશે નિવેદન આપું તો કોર્ટમાં મારા જ શબ્દો નો ઉપયોગ થઈ શકે. મેરીટ પર કેસને અંદર પણ નુકસાન થાય એટલે નિવેદન યોગ્ય નથી. જો ભાજપ પાંચ લાખ મતથી જીતવાની હતી તો શા માટે આ હથકંડા કર્યા? ટેકેદારોને રાતો રાત સપનું આવ્યું કે સહી અમે નથી કરી. અપક્ષ અને બસપાના ઉમેદવાર સાથેની પોલીસની ભુમિકા આપણી સામે છે. સુપ્રીમ કોર્ટે નોટા રહેવા દેવા માટે કહ્યું હતુ. ભાજપને ડર હતો કે નોટાને ભાજપ કરતાં વધારે મત મળશે. સુરતના મતદારોને મતાધિકાર થી વંચિત કરવાનું પાપ કરેલુ તે ભાજપે ભોગવવું પડશે.

ઐતહાસિક-પૌરાણીક રામજી મંદિરના દર્શન પ્રસંગે કોંગ્રેસ પક્ષના અમદાવાદ પૂર્વના ઉમેદવારશ્રી હિંમતસિંહ પટેલ, અમદાવાદ પશ્ચિમના ઉમેદવારશ્રી ભરત મકવાણા, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને રામજી મંદીરના ટ્રસ્ટીશ્રી પંકજભાઈ શાહ, કાઉન્સીલરશ્રી નિરવ બક્ષી, માધુરીબેન કલાપી, પૂર્વ કાઉન્સીલર મોનાબેન પ્રજાપતિ સહિતના સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

# જમ્મુ કાશ્મીરમાં સેનાએ પૂંછ હુમલામાં સંડોવાયેલા ૬ લોકોની ધરપકડ

શ્રીનગર,તા.૬

ભારતીય સુરક્ષા દળોએ પૂંછ આંતકી હુમલામાં છ લોકોની ધરપકડ કરી લીધી છે. જેમાં ભારતીય વાયુસેનાના એક જવાન શહીદ થઈ ગયા હતા. ધરપકડમાં લેવામાં આવેલા લોકોમાંથી એકની ઓળખાણ મોહમ્મદ રઝાક તરીકે થઈ છે. જેના વિશે કહેવાય છે કે, તેણે આતંકવાદીઓને ભોજન સહિતની મદદ કરી હતી. આ ઘટનાક્રમ ત્યારે થયો ત્યારે સુરક્ષાકર્મીઓના ભારતીય વાયુસેનાના કાફલા પર આતંકવાદી હુમલા બાદ મોટા પાયે સર્ચ ઓપરેશન શરુ કર્યું છે. સુરક્ષા દળોએ નાકાબંધી કરી દીધી છે અને સમગ્ર વિસ્તારમાં ચેકિંગ ચાલી રહ્યું છે.

આ સમગ્ર વિસ્તારમાં હવાઈ દેખરેખની વચ્ચે ભારતીય વાયુસેનાએ પોતાના કોર્પોરેલ વિક્કી પહાડેની શહાદત પ્રત્યે શોક વ્યક્ત કર્યો છે. જેમણે શનિવાર સાંજે હુમલામાં લાગેલી ઈજાના કારણે શહીદ થઈ ગયા હતા. ભારતીય વાયુ સેનાના સત્તાવાર અધિકારી એક્સ હેંડલ પર એક્સ પોસ્ટમાં કહેવાયું છે કે, સીએએસ એર ચીફ માર્શલ વીઆર ચૌધરી અને ભારતીય વાયુ સેનાના તમામ કર્મી બહાદુર કાર્પોરલ વિક્કી પહાડેને સલામ કરે છે, જેમણે રાષ્ટ્રની સેવામાં પૂંછ સેક્ટરમાં સર્વોચ્ચ બલિદાન આપ્યુ છે. શોક સંતપ્ત પરિવાર પ્રત્યે અમારી ઊંડી સંવેદના છે, અમે દુખની આ ઘડીમાં આપની સાથે મજબૂતીથી ઊભા છીએ.ભારતીય સેનાના અધિક ફોર્સ શનિવારે મોડી રાતે પૂંછમાં જર્રાવાળી ગલીમાં પહોંચ્યા હતા. પૂંછ સેક્ટરમાં સનાઈ ગામમાં ઘાત લગાવીને હુમલો કર્યા બાદ ઘાયલ જવાનોને ઉધમપુરના કમાંડ હોસ્પિટલમાં લઈ ગયા હતા.

## પંચમહાલ જિલ્લાની ડીસ્ટ્રીક ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ કચેરી દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ અરજદાર વિરુદ્ધ દાખલ કરવામાં આવેલ એસ એલ પી રદ થતાં સરકારી અધિકારીઓમાં સન્નાટો કામદાર પરિવારમાં આનંદ

પંચમહાલ જિલ્લાના ગોધરા મુકામે આવેલ ડીસ્ટ્રીક ઈન્સ્પેક્ટર લેન્ડ રેકોર્ડ અધિકારીની કચેરીમાં તારીખ ૧/૪/૨૦૦૨ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા અશોકભાઈ ખુમાભાઈ પરમાર ને કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય આઈડી એક ની કલમ ૨૫ એચ અને ૨૫ એફ નો ભંગ કરી લાંબા સમયની નોકરીમાંથી તારીખ ૧/૩ ૨૦૦૮ ના રોજ મૌખિક રીતે છુટા કરી દીધેલા હતા જે બાબતે અરજદારને અન્યાય થતા તેઓએ ન્યાય મેળવવા ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ એસ ભોઈ નો સંપર્ક કરી નામદાર મજૂર અદાલત ગોધરા સમક્ષ પડેલા દિવસોના પુરા પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા અંગેનો વિવાદ નામદાર મજૂર અદાલત ગોધરા સમક્ષ દાખલ કરેલ જે કેસ નંબર એલ સી જી ૧૦૪/૦૮ પડેલ જે કેસ ચાલી જતા અરજદાર તરફે ફેડરેશનના પ્રમુખ એ એસ ભોઈ હાજર રહી કેસમાં પડેલા પુરાવા આધારિત દલીલો કરતા બંને પક્ષકારોની દલીલો સાંભળી તારીખ ૮/૫/૧૫ ના રોજ અદાલત ના પ્રમુખ અધિકારી સી એલ છાયા સાહેબ દ્વારા અરજદારને તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો આદેશ ફરમાવેલ જે આદેશથી નારાજ થઈ સરકારશ્રી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નંબ ૨૨૧૦/૧૬ દાખલ કરવામાં આવેલ જે કામે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અરજદાર તરફે એડવોકેટ દીપક આર દવે હાજર રહેલ આમ બંને પક્ષકારોની દલિત સાંભળી ન્યાયમૂર્તિ શ્રી વિપુલ એમ પંચોલી સાહેબે તારીખ ૨૬/૪/૨૨/રોજ આદેશ કરતા મંજુર અદાલત ગોધરા ખાતે હુકમ યથાવત રાખેલ તે હુકમથી નારાજ થઈ સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ એલ પી નંબર ૨૧૫/૨૩ દાખલ કરવામાં આવેલ જે કેસ ચાલી જતા ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ માનનીય શ્રી આશુતોષ શાસ્ત્રી સાહેબ તથા જે સી દોશી સાહેબ દ્વારા તારીખ ૨૨/૩/૨૩ ના રોજ એસ સી એ નો નો હુકમ યથાવત રાખતો આદેશ કરેલ જે આદેશથી નારાજ થઈ સરકાર દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ દિલ્હી સમક્ષ એસ એલ પી નં. ૧૫૦૭૫/૨૪ દાખલ કરવામાં આવેલ જે અરજી ચાલી જતા સુપ્રીમ કોર્ટના માનનીય ન્યાયમૂર્તિ હિમા કોહલી તથા અસાનુદ્દીન અમાનુઉલ્લા સાહેબ દ્વારા સરકાર દ્વારા અરજદાર વિરુદ્ધ દાખલ કરવામાં આવેલ એસ એલ પી અરજી તારીખ ૧૯/૪/૨૪ના રોજ ડીસમિસ કરતો આદેશ ફરમાવતા અરજદાર અશોક પરમાર ને ૧૬ વર્ષ પછી તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા અંગે નાયબ નિયામક જમીન દફતર વડોદરા દ્વારા ફરજ ઉપર હાજર થવા અંગે નો હુકમ તારીખ ૪/૫/૨૪ ના રોજઆપવામાં આવતા અરજદાર ને તા. ૪/૫/૨૪ ના રોજ થી ફરજ ઉપર હાજર કરવામાં આવેલ છે નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ થકી સરકારી કચેરીના અધિકારીઓમાં સન્નાટો તથા અરજદારના પરિવારમાં આનંદ છવાયો.

પ્રમુખ એ.એસ ભોઈ
ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન કાલોલ પંચ

## ચાણસ્મા ડેપો દ્વારા ચૂંટણી કામ માટે ૨૦ બસો મુકાઇ




૭ મી મેના રોજ ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ચૂંટણી દરમિયાન અવ્યવસ્થા ન જળવાય તે માટે તંત્ર દ્વારા સંપુર્ણ વ્યવસ્થા કરી દેવાઈ છે ત્યારે ૬ મેના રોજ ચાણસ્મા વિસ્તારમાં ચૂંટણીમાં કામ કરનારા અધિકારી કર્મચારીઓ સાથે ઈવીએમ મશીનો સહીત ની સામગ્રી મતદાન મથકો સુધી પહોંચાડવાની હોઈ અને બીજા દિવસે ચુંટણી માં ફરજ બજાવતા કર્મચારીઓ ઈ.વી. એમ. મશીનો પરત લાવવા માટે ચાણસ્મા ડેપો દ્વારા ૨૦ એસ ટી બસો ની ચૂંટણી કામ માટે ફાળવણી કરાઈ હોવાનું ડેપો મેનેજર ગુંજન પંચાલે જણાવ્યું હતું

## ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો માટે મતદાન કરી કર્તવ્ય ધર્મ બજાવવા ડો. વલ્લભભાઈ કથીરિયા ની અપીલ



સમગ્ર દેશ લોકશાહીનું મહાપર્વ મનાવી રહ્યું છે. ભવ્ય અને દિવ્ય વિકસીત ભારતના સ્વપ્નદ્રષ્ટા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જીતાડી કમળના નિશાન પર બટન દબાવી સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક પુન રૂત્થાનના અમૃતકાળ ના પ્રારંભે આપણે કર્તવ્યધર્મ બજાવીએ. અબ કી બાર ૪૦૦ પાર ના લક્ષ્યને સિદ્ધ કરવા પરિવાર અને મિત્ર મંડળ સહિત મતદાન કરીએ. "ફીર એક બાર, મોદી સરકાર"ને સૂત્રને સાર્થક કરી ત્રીજી વાર દેશનું સુકાન યશસ્વી રાજર્ષિ શ્રી નરેન્દ્રભાઈ મોદીને સોંપી દેશને સમૃદ્ધિ દ્વારા ત્રીજી આર્થિક મહાસત્તા બનાવવા દેશને આંતરિક અને બાહ્ય પડકારો સામે સુરક્ષા પ્રદાન કરવા, યુવા અને મહિલા, દલિત, આદિવાસી, કિસાન – મજૂર ને સક્ષમ કરવા મતદાન કરી રાષ્ટ્રીય કર્તવ્ય બજાવીએ વધુમાં વધુ મતદાન કરી વિશ્વની સૌથી મોટી લોકશાહી એ મજબૂત કરવા કમળના ફૂલને દિલ્હી મોકલીએ. રાજકોટ લોકસભાના આપણા જનપ્રિય ઉમેદવાર શ્રી પુરુષોત્તમ રૂપાલાને મત આપવા પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડો. વલ્લભભાઈ કથીરિયાએ અનુરોધ કર્યો છે.

## ભાજપની ઓળખ સુશાસનથી છે. તેથી, જ્યાં પણ ભાજપને સેવા કરવાની તક મળે છે, તે રાજ્યના વિકાસને નવી ગતિ મળે છે

આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ, આજે સોમવારે ઓડિશાના બરહમપુર અને નબરંગપુરમાં આયોજિત વિશાળ જાહેર સભાઓને સંબોધિત કરી હતી અને ઓડિશાની બીજેડી સરકારના ભ્રષ્ટાચાર પર પ્રહાર કરતાં તેમણે, રાજ્યના લોકોને રાજ્યમાં પૂર્ણ બહુમતી સાથે કમળ ને ખીલવીને, રાજ્યની દરેક લોકસભા બેઠક પર ભાજપને વિજયી બનાવવા આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમોમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી મનમોહન સામલ, લોકસભાના ઉમેદવાર શ્રી પ્રદીપ કુમાર પાણિગ્રહી, આસ્કા લોકસભાના ઉમેદવાર શ્રીમતી અનીતા શુભદર્શિની અને નબરંગપુરના ઉમેદવાર શ્રી બલભદ્ર માઝી અને અન્ય નેતાઓ મંચ પર હાજર હતા. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ કહ્યું કે, આજે આપણા રામલલા



ભવ્ય રામ મંદિરમાં બિરાજમાન છે. લોકોએ ભાજપને આપેલા વોટને, કારણે ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ ભગવાન શ્રી રામલલાનું ભવ્ય મંદિર શક્ય બન્યું છે. આ વખતે ઓડિશામાં એક સાથે બે યજ્ઞો થઈ રહ્યા છે. એક યજ્ઞ દેશમાં ભારત માટે મજબૂત સરકાર બનાવવાનો છે અને બીજો યજ્ઞ ઓડિશામાં ભાજપની આગેવાની હેઠળની મજબૂત રાજ્ય સરકાર બનાવવાનો છે. ઓડિશામાં પહેલીવાર ડબલ એન્જીન સરકારમાં જનતાનો ઉત્સાહ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યુવાનોની આકાંક્ષાઓ, સપનાઓ અને બહેનો અને પુત્રીઓની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને, ઓડિશા ભાજપે ખૂબ જ દૂરંદેશી સંકલ્પ પત્ર બહાર પાડ્યું છે. આ સંકલ્પ પત્રમાં યુવાનો અને મહિલાઓ માટે રોજગારી, વૃદ્ધો માટે આરોગ્ય, મહાન સંસ્કૃતિ માટે પ્રવાસન વિકાસ અને ડાંગર અને તેંદુપતા માટે મોટી મોટી જાહેરાતો કરવામાં આવી છે અને જનતા જાણે છે કે, ભાજપ જે કહે છે તે કરે છે. અહીં સરકાર બનાવ્યા બાદ ભાજપ આ જાહેરાતોને પૂરી તાકાતથી પૂરી કરશે અને આ મોદીની ગેરંટી છે. અહીં બીજેડી સરકારની સમાપ્તિ તારીખ, ૪ જૂન લખવામાં આવી છે. આજે ૬ મે છે, ૬ જૂને ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવારનો નિર્ણય થશે. ૧૦ જૂને ભુવનેશ્વરમાં ભાજપના મુખ્યમંત્રીનો શપથ સમારોહ યોજાશે અને હું આજે ભાજપ સરકારના મુખ્યમંત્રીના શપથ સમારોહમાં સૌને આમંત્રણ આપવા આવ્યો છું.

યશસ્વી વડાપ્રધાને કહ્યું કે, ઓડિશામાં બીજેડીનું પતન થઈ રહ્યું છે, કોંગ્રેસનો પરાજય થયો છે અને લોકોને ભાજપ પર વિશ્વાસ છે, કારણ કે માત્ર ભાજપ જ આશાનો નવું કિરણ બનીને આવ્યું છે.






Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.